સર્વોપરી તું પ્રત્યક્ષ પ્રભુ,
તારા આધારે જિવાયે, તારામાં... રહેવાયે... સર્વોપરી.

દોષોથી ભરેલું આ તંત્ર અમારું, આસન કરવું છે, એમાં જ તારું,
તારી કૃપાથી થાયે... મસ્તીમાં રે'વાયે...
તારી સમીપે આવે તેને, મૂર્તિ તારી આપે,
સ્મૃતિમાં... જિવાયે... સર્વોપરી.

સ્મૃતિ ભુલાવે તે દોષ અમારો છે, જપયજ્ઞથી સ્મૃતિમાં રહીએ,
એ સંકલ્પ તારો... પ્રયત્ન અમારો...
સ્વીકારજે તું પ્રાર્થના મારી, આધાર તારો લેવાયે,
સૌમાં તું જ મનાયે... સર્વોપરી.

અક્ષરધામથી અવનિએ આવ્યો તું, માહાત્મ્યથી પ્રભુ, સેવા કરાવી,
મુક્તો દિવ્ય મનાયે... બંસી તારી બનાયે...
મારામાં તું, મુક્તોમાં તું, એવું દર્શન થાયે,
સહજ આનંદ આવે... સર્વોપરી.